# અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં ૪૧મા રાષ્ટ્રીય ચક્ષુદાન પખવાડિયાની ઉજવણી

**ચક્ષુદાન અંગે જનજાગૃતિ કેળવી વધુમાં વધુ લોકોને નેત્રદાન માટે પ્રેરિત કરવા સૌએ સહિયારો પ્રયાસ કરવો જરૂરી : આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયા**






કમલમ્,

રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ, અસારવા ખાતે ૪૧મા રાષ્ટ્રીય ચક્ષુદાન પખવાડિયા અંતર્ગત ચક્ષુદાન અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતુ કે દર વર્ષે ૨૫ ઓગસ્ટથી ૮ સપ્ટેમ્બર દરમિયાન રાષ્ટ્રીય ચક્ષુદાન પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે. તેનો મુખ્ય ઉદ્દેશ ચક્ષુદાન તેમજ આંખના રોગો અંગે લોકોમાં જાગૃતિ કેળવવાનો અને વધુમાં વધુ લોકોને નેત્રદાન માટે પ્રેરિત કરવાનો છે. ભારતમાં દર વર્ષે આશરે ૧.૫૦ લાખ લોકોને કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટની જરૂરિયાત ઊભી થાય છે, જ્યારે તેની સામે આશરે ૫૦ હજાર કોર્નિયાનું દાન થાય છે. તેમાંથી ૨૫થી ૩૦ હજાર જેટલા દર્દીઓને સફળ શસ્ત્રક્રિયા દ્વારા નવી દૃષ્ટિ મળે છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે નેત્રદાન એ માનવતાની સેવા સાથે જોડાયેલું અનોખું દાન છે. વ્યક્તિના મૃત્યુ બાદ ૩થી ૬ કલાકની અંદર આંખના કોર્નિયા મેળવી શકાય છે, જેના થકી જરૂરિયાતમંદ વ્યક્તિને દૃષ્ટિ આપીને તેના જીવનમાં પ્રકાશ પાથરી શકાય છે. તેમણે ચક્ષુદાન અંગે વ્યાપક જનજાગૃતિ ઊભી કરવા સમાજને સહિયારો પ્રયાસ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આધુનિક ટેકનોલોજી અને તબીબી સેવાઓના વિકાસને પરિણામે આંખના વિવિધ રોગોનું વહેલી તકે નિદાન અને સારવાર શક્ય બની છે. અગાઉ મોતિયાને આંખનો ગંભીર રોગ માનવામાં આવતો હતો, પરંતુ આજે અદ્યતન તબીબી સુવિધાઓના કારણે તેનું સમયસર નિદાન અને સફળ સારવાર શક્ય બની છે. રાજ્યમાં પશુઓમાં આંખને લગતી સમસ્યાઓના નિવારણ માટે પણ સરકાર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે અમદાવાદ અને સુરત સિવિલ હોસ્પિટલ દ્વારા અંગદાન ક્ષેત્રે કરવામાં આવી રહેલી શ્રેષ્ઠ કામગીરીને સમગ્ર દેશમાં નામના મળી છે, જે ગુજરાત માટે ગૌરવની બાબત છે.

આ પ્રસંગે નેત્રદાન થકી નવું પ્રકાશમય જીવન મેળવનાર ૧૨ વર્ષીય ઉર્વીનું મંત્રીશ્રીએ સન્માન કરી તેને શુભેચ્છાઓ પાઠવી હતી. સ્વ. ઝીલ શૈલેષભાઈ વાઘેલાના અંગદાન થકી હૃદય, વાલ્વ અને નેત્રદાન સહિત અનેક અંગોના દાનથી જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળ્યું છે. આ ઉમદા સેવાકાર્ય બદલ સ્વ. ઝીલબેનના પરિવારજનોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. નેત્ર આરોગ્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર તબીબો અને હોસ્પિટલના સ્ટાફને આરોગ્ય મંત્રીશ્રીના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ ચક્ષુદાન અંગે શપથ લીધા હતા. આ પ્રસંગે રામ-શ્યામ ચેરિટેબલ મંડળ દ્વારા દાનમાં આપવામાં આવેલી એમ્બ્યુલન્સને આરોગ્ય મંત્રીશ્રીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. તેમજ સિવિલ આંખ હોસ્પિટલ દ્વારા આયોજિત ચક્ષુદાન જાગૃતિ રેલીને પણ મંત્રીશ્રીએ પ્રસ્થાન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં હેલ્થ કમિશનર શ્રી રતનકંવર ગઢવીચારણ, અમદાવાદ સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડૉ. રાકેશ જોશી, સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટના નિયામક ડૉ. પિયુષ મિતલ, ડૉ. શશાંક પંડ્યા, ડૉ. મીનાક્ષી પરીખ સહિતના તબીબી નિષ્ણાતો, લાભાર્થીઓ, દાતાશ્રીઓના પરિવારજનો તથા હોસ્પિટલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

**વડનગરના શ્રાવણોત્સવમાં ગુંજ્યો ડમરુનો નાદ**

# મંત્રી શ્રી પ્રદ્યુમન વાજા અને મંત્રી શ્રી કૌશિક વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં ભવ્ય ડમરુ યાત્રા યોજાઈ

**ઐતિહાસિક નગરી વડનગરમાં ૧૦૮ કલાકારોના વૃંદ સાથે નીકળેલી ડમરુ યાત્રાએ શ્રદ્ધાળુઓમાં જમાવ્યું આકર્ષણ**





## શ્રાવણ માસની પવિત્રતા વચ્ચે ભક્તિ અને સંસ્કૃતિનો અનોખો સંગમ

કમલમ્, વડનગર

ઐતિહાસિક નગરી વડનગર ખાતે પવિત્ર શ્રાવણ માસના ઉપલક્ષમાં ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત 'શ્રાવણોત્સવ-૨૦૨૬' અંતર્ગત ભવ્ય ડમરુ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવમાં સામાજિક ન્યાય અને અધિકારીતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તેમજ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમન વાજા તેમજ કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રી શ્રી કૌશિક વેકરીયાએ વિશેષ ઉપસ્થિત રહી ડમરુ યાત્રામાં સહભાગી થઈને શિવભક્તિનો આનંદ માણ્યો હતો. આ ભવ્ય સમૂહ યાત્રા વડનગરના નિલકંઠ મહાદેવ મંદિરથી વહેલી સવારે પ્રારંભ થઈ હતી, જેમાં ૧૦૮ પ્રખર કલાકારોએ ડમરુના ગુંજારવ સાથે સમગ્ર વાતાવરણને શિવમય બનાવી દીધું હતું. આ યાત્રા નિલકંઠ મહાદેવથી શરૂ થઈ સાકેત સોસાયટી, સરકારી લાયબ્રેરી, આદર્શ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નગરપાલિકા રોડ અને રેલવે સ્ટેશન રોડ જેવા મુખ્ય વિસ્તારોમાં ફરી હતી.

આ યાત્રાનું ભવ્ય સમાપન સુપ્રસિદ્ધ શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. વડનગરની પવિત્ર ભૂમિ પર આ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા નવી પેઢીને આપણા ભવ્ય વારસા સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

૧૦૮ કલાકારો દ્વારા એકસાથે ડમરુ વગાડીને કરવામાં આવેલી આ પ્રસ્તુતિએ ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. સરકાર દ્વારા આયોજિત આ શ્રાવણોત્સવમાં સ્થાનિક લોકો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા અને સમગ્ર માર્ગ પર યાત્રાનું ઉત્સાહપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું, જે વડનગરની લોકપ્રિયતા અને ધાર્મિક આસ્થાનું પ્રતિક બની રહ્યું હતું. યાત્રાના અંતમાં મંત્રીશ્રીઓએ હાટકેશ્વર મહાદેવના દર્શન કરી પૂજા અર્ચના કરી હતી અને શ્રદ્ધાળુઓને પ્રસાદ તથા શિવ કીટનું વિતરણ કર્યું હતું. ડમરુંયાત્રા બાદ મંત્રીશ્રીઓએ ટ્રાન્સપોર્ટેશન હબ- રેલવે સ્ટેશન, બી.એન હાઈસ્કૂલ, ઝણઝણિયો કૂવો અને મ્યુઝિક મ્યુઝિયમની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ઊંઝા ધારાસભ્યશ્રી કિરીટભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી મિતિકાબેન શાહ, વરિષ્ઠ અધિકારી શ્રી મિલિંદ તોરવણે, શ્રી રાજકુમાર બેનીવાલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રદિપસિંહ રાઠોડ, અગ્રણી સર્વે શ્રી કમલભાઈ પટેલ, શ્રી મયંકભાઈ પટેલ સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આસામના સહકાર મંત્રી શ્રી કૌશિક રાયની ગાંધીનગર ખાતે ગુજરાતના સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી સાથે બેઠક

**આસામના સહકાર મંત્રીશ્રીએ ગુજરાતના સહકારી મોડેલ, પારદર્શી વહીવટ અને ખેડૂતોને આપાતા મહત્તમ ભાવોની સરાહના કરી**



- **ગુજરાતમાં કુલ ૧૭ ખાંડ કારખાના કાર્યરત, જેમાંથી ૧૨ સહકારી**
- **રાજ્યમાં શેરડીની કુલ પિલાણ ક્ષમતા ૭૩,૮૦૦ ટન/દિવસ અને ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા ૩૯૦ કિલો લીટર/દિવસ**
- **વર્ષ ૨૦૨૫-૨૬માં ૭૨.૦૬ લાખ મેટ્રિક ટન શેરડીનું પિલાણથી ૭.૬૬ લાખ મેટ્રિક ટન ખાંડનું ઉત્પાદન**
- **શેરડીના ખેડૂતોને રૂ. ૩,૦૭૦ કરોડનું ચૂકવણું કરાયું**
- **રૂ. ૩,૫૫૦ના FRP સામે ગુજરાતની સહકારી મંડળીઓએ ખેડૂતોને રૂ. ૪,૫૦૦ પ્રતિ મેટ્રિક ટન જેટલા ઊંચા ભાવો ચૂકવ્યા**

કમલમ્,

ગુજરાતની મુલાકાતે પધારેલા આસામના સહકાર મંત્રી શ્રી કૌશિક રાયના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર ખાતે ગુજરાતના સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ તથા સહકાર રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક દરમિયાન રાજ્યના ખાંડ નિયામક દ્વારા ગુજરાતના સહકારી ખાંડ ક્ષેત્રની સફર, વર્તમાન ક્ષમતા અને નવીન પહેલો દર્શાવતું એક વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાતના ખેડૂત-કેન્દ્રિત સહકારી મોડેલથી આસામનું પ્રતિનિધિમંડળ ખૂબ જ પ્રભાવિત થયું હતું. આ બેઠકમાં સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧૯૫૫માં બારડોલીથી શરૂ થયેલું સહકારી ચીની આંદોલન આજે ગ્રામીણ અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ બન્યું છે. ખાંડ મિલોને માત્ર ઔદ્યોગિક એકમ ન ગણતા તેને ઈથેનોલ ઉત્પાદન, ગ્રીન એનર્જી અને ડિજિટલાઈઝેશન સાથે જોડીને નફાકારક બનાવવામાં આવી રહી છે. હાલમાં ગુજરાતમાં કુલ ૧૭ ખાંડ કારખાના કાર્યરત છે, જેમાં ૧૨ સહકારી ખાંડ મંડળીઓ, ૦૩ ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા લીઝ પર લેવાયેલી મંડળીઓ અને ૦૨ ખાનગી ખાંડ કારખાનાનો સમાવેશ થાય છે.

રાજ્યના સહકારી ખાંડ ક્ષેત્રની કુલ શેરડી પિલાણ ક્ષમતા ૭૩,૮૦૦ ટન પ્રતિ દિવસ અને ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા ૩૯૦ કિલો લીટર પ્રતિ દિવસ છે. ગુજરાતમાં આશરે ૧.૨૫ લાખ હેક્ટર વિસ્તારમાં શેરડીની ખેતી થાય છે, જેનાથી અંદાજે બે લાખથી વધુ ખેડૂત પરિવારો પ્રત્યક્ષ રીતે જોડાયેલા છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૭૨.૦૬ લાખ મેટ્રિક ટન શેરડીનું પિલાણ દ્વારા ૭.૬૬ લાખ મેટ્રિક ટન ખાંડનું ઉત્પાદન થયું હતું. જેની સામે શેરડીના ખેડૂતોને રૂ. ૩,૦૭૦ કરોડનું ચૂકવણું કરવામાં આવ્યું છે. રાજ્યનો સરેરાશ રીકવરી દર પણ ૧૦.૬૪% રહ્યો છે. શેરડી માટે ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા રૂ. ૩,૫૫૦ પ્રતિ મેટ્રિક ટનના ફેર એન્ડ રેમ્યુનિરેટિવ પ્રાઈઝ (FRP) સામે ગુજરાતની સહકારી મંડળીઓએ ખેડૂતોને રૂ. ૩,૯૦૦ થી રૂ. ૪,૫૦૦ પ્રતિ મેટ્રિક ટન જેટલા ઊંચા અને પ્રોત્સાહક ભાવો ચૂકવ્યા છે. સહકારી ખાંડ મિલોને સક્ષમ બનાવવા માટે રાજ્ય સરકારે અમલમાં મૂકેલી સાકર યોજના, બાયો પ્રમોશન અને કેપિટલ સબસિડી જેવી વિશેષ સહાય યોજનાઓ અંગે પણ પ્રતિનિધિમંડળને માહિતી આપવામાં આવી હતી.

આસામના સહકાર મંત્રી શ્રી કૌશિક રાયે ગુજરાતના સહકારી મોડેલ, પારદર્શી વહીવટ અને ખેડૂતોને આપાતા મહત્તમ ભાવોની સરાહના કરી હતી અને આસામમાં સહકારી ક્ષેત્રને વધુ મજબૂત કરવા ગુજરાતના આ અનુભવોનો ઉપયોગ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

# પ્રવકતા મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીની પત્રકાર પરિષદના મુખ્ય મુદ્દાઓ



કમલમ્,

૧. ઘાસચારાની ઉપલબ્ધતા

- વરસાદની ઘટની સ્થિતિમાં રાજ્ય સરકાર પશુપાલકો અને પશુધનની સુરક્ષા માટે સંપૂર્ણરીતે કટિબદ્ધ છે.
- રાજ્યના ૩૦૧ ગામોના ૯૦,૦૦૦ જેટલા પશુધન સુધી ઘાસચારો પહોંચાડવામાં આવ્યો છે.
- અત્યાર સુધીમાં સફળતાપૂર્વક ૧૬ લાખ કિલો ઘાસચારાનું વિતરણ પૂરું પાડીને પશુપાલકોને મોટી રાહત આપવામાં આવી છે.
- રાજ્યમાં ઘાસચારાની કોઈ અછત નથી; સરકાર પાસે પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે.
- વન વિભાગ પાસે હજુપણ ૩૬૧ લાખ કિલો ઘાસચારો અનામત (રિઝર્વ) પડ્યો છે, જેથી આગામી સમયમાં પણ કોઈ તકલીફ પડશે નહીં.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓને સ્થાનિક જરૂરિયાત મુજબ ત્વરિત પગલાં લેવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.
- પશુપાલકો પર આર્થિક બોજ ન પડે તે માટે માત્ર રૂ. ૨ પ્રતિ કિલોના રાહત દરે ઘાસચારો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે.
- "રાજ્ય સરકાર દરેક પરિસ્થિતિમાં પશુપાલકોની સાથે અડીખમ ઊભી છે અને જરૂરિયાત મુજબ તમામ યોગ્ય પગલાં ચાલુ રહેશે."

૨. ખાંડની ઉપલબ્ધતા

- ગુજરાતમાં ૧૭ ખાંડ મિલો કાર્યરત છે, જેની પ્રતિદિન ૭૩,૮૦૦ ટન પીલાણ કરવાની ક્ષમતા છે.
- રાજ્યમાં દર વર્ષે ૨ લાખથી વધુ ખેડૂતો શેરડી આપે છે અને તેના થકી દર વર્ષે ૯ લાખ મેટ્રિક ટન જેટલું ખાંડનું ઉત્પાદન થાય છે.
- હાલમાં ગુજરાતની ખાંડ મિલો પાસે ૧૮ લાખ ક્વિન્ટલ જેટલો ખાંડનો જથ્થો ઉપલબ્ધ છે.
- હાલમાં સીઝન ન હોવાના કારણે ખાંડ મિલો બંધ છે, જે આગામી ૧૫ ઓક્ટોબર પછીથી કાર્યરત થશે અને ઉત્પાદન શરૂ કરશે. જેથી જથ્થામાં હજુ વધારો થશે.
- ગુજરાત રાજ્યમાં કોઈ ખાંડ મંડળી શેરડીમાંથી સીધો ઈથેનોલ બનાવતી નથી
- શેરડીના પીલાણ બાદ ખાંડ બન્યા પછી જે મોલાસિસ મળે છે, તેમાંથી જ ઈથેનોલ બનાવાય છે.
- અગાઉ ફેક્ટરીની બહાર પ્રતિ ક્વિન્ટલ ૬૫૦૦ થી પણ વધુ ભાવ ઉચકાયા હતા, જે સરકારશ્રીના વિશેષ પ્રયત્નોના પરિણામે હાલમાં ૬૦૦૦ થી પણ નીચે સુધી ઘટી ગયા છે.
- નજીકના સમયમાં બજારમાં ખાંડના ભાવો પણ સંપૂર્ણ નિયંત્રિત થશે.

૩. સિંચાઈનું પાણી

- રાજ્યસરકાર દ્વારા સૌની યોજના અને સુજલામ સુફલામ યોજના મારફતે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં નર્મદા આધારિત પાઈપલાઈન નેટવર્કથી જોડાયેલા તળાવો અને ડેમોમાં પાણી આપવાની કામગીરી પૂર્ણઝડપે શરૂ કરી દેવામાં આવી છે.
- માનનીય મુખ્યમંત્રીશ્રીની સંવેદનશીલ સૂચના અને સ્પષ્ટ માર્ગદર્શન હેઠળ, ખેડૂતોના ઊભા પાક અને મોલાતને સુકાતા બચાવવા માટે આ પાણી પુરવઠો સતત શરૂ રાખવાનો મક્કમ નિર્ણય લેવામાં આવ્યો છે.
- મહી કમાન્ડ વિસ્તારમાં નાગરિકોની સુવિધા માટે પીવાનું પાણી પરિયેજ અને કનેવાલ તળાવમાં નિયમિતપણે પહોંચાડવામાં આવી રહ્યું છે.
- પીવાના પાણીની સાથે સાથે ખેડૂતોના હિતને સર્વોપરી રાખીને ઊભો પાક બચાવવા માટે આણંદ અને ખેડા જિલ્લાઓમાં કડાણા ડેમમાંથી સિંચાઈનું પાણી છોડવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.
- રાજ્ય સરકાર ખેડૂતોની પડખે સદૈવ અડીખમ ઊભી છે; સિંચાઈ અને પીવાના પાણીની કોઈ પણ સમસ્યા ઊભી ન થાય તે માટે સરકાર કટિબદ્ધ છે.
- યોગ્ય જળ વ્યવસ્થાપન દ્વારા રાજ્યના છેવાડાના વિસ્તારો અને ખેતરો સુધી પાણી પહોંચાડીને પાકને આર્થિક નુકસાનથી બચાવવામાં આવશે.

૪. ઊર્જા - વીજળી આપવાનો નિર્ણય

રાજ્યના તમામ જિલ્લાઓમાં ખેતીવાડી માટે હાલમાં રોજના ૮ કલાક નિયમિત અને ગુણવત્તાસભર વીજળી પૂરી પાડવામાં આવી રહી છે, જેથી સિંચાઈમાં કોઈ અવરોધ ન આવે. સ્થાનિક ભૌગોલિક સ્થિતિ અને જરૂરિયાતને ધ્યાને રાખીને, સરકારે ત્વરિત નિર્ણય લઈને ૭ જિલ્લાઓ (અમરેલી, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર અને જૂનાગઢ)માં ૧૦ કલાક વીજળી આપવાનું શરૂ કરી દીધું છે. અમે માત્ર ૭ જિલ્લાઓ પૂરતા મર્યાદિત નથી. રાજ્યના અન્ય કોઈ પણ જિલ્લામાં જો પાક માટે કે પાણી માટે વધુ વીજળીની જરૂરિયાત ઊભી થશે, તો ત્યાં પણ ૧૦ કલાક વીજળી આપવા માટે રાજ્ય સરકાર પૂરેપૂરી તૈયાર છે.

# સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને સંવર્ધન માટે વલસાડમાં સંસ્કૃત ગૌરવ યાત્રા નીકળી

**આ યાત્રામાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધિકારીઓ તથા પદાધિકારીઓ જોડાયા**



**સંસ્કૃત વેદ મંત્રોચ્ચાર સાથે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હેતલબેન પટેલે યાત્રાને પ્રસ્થાન કરાવી**

કમલમ્, વલસાડ,

વલસાડ જિલ્લામાં સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર, સંવર્ધન તથા વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા અને ભારતીય જ્ઞાનપરંપરા પ્રત્યે રસ અને ગૌરવની ભાવના વિકસે તે હેતુસર સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણીનો તા. ૨૫ ઓગસ્ટથી પ્રારંભ થતા સવારે ૯ કલાકે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલે શ્રીફળ વધેરી કલેકટર કચેરીથી સંસ્કૃત ગૌરવ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ, પ્રોબેશનરી આઈએએસ શ્રી પિયુષ ઘટાલા અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી યુવરાજસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. વેદ મંત્રોચ્ચાર સાથે શરૂ થયેલી આ સંસ્કૃત ગૌરવ યાત્રા કલેકટર કચેરીથી સર્કિટ હાઉસ થઈ આઝાદ ચોક (ટાવર)થી સ્ટેડિયમ રોડથી એસટી ડેપોથી પુનઃ કલેકટર ખાતે પહોંચી હતી. જ્યાં યાત્રાનું સમાપન થયું હતું. યાત્રા દરમિયાન ભારત માતા કી જય અને વંદે માતરમના નારા ગુંજ્યા હતા. સાથે સમસ્ત માર્ગો ઉપર સંસ્કૃતમાં વેદ મંત્રોચ્ચાર અને રથ પર ઋષિ મુનિઓના વેશમાં વિદ્યાર્થીઓ દ્વારા યજ્ઞ પણ ચાલી રહ્યો હતો.

રામાયણ ગ્રંથની પ્રતિકૃતિ પણ આ સંસ્કૃત ગૌરવ યાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. સાથે જ રામ, સીતા અને લક્ષ્મણના વેશમાં વિદ્યાર્થીઓ સમગ્ર યાત્રા દરમિયાન જોવા મળતા શહેરના માર્ગો જયશ્રી રામના નારાથી ગુંજી ઉઠ્યા હતા. દરેક વિદ્યાર્થીના હાથમાં સંસ્કૃત ભાષાના જતન અને સંવર્ધન માટેના બેનરોથી લોકોમાં પણ સંસ્કૃત ભાષા પ્રત્યેનું ગૌરવ વધ્યું હતું. વલસાડની વિવિધ શાળાના ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ આ યાત્રામાં શિસ્તબધ્ધ રીતે જોડાયા હતા. સંસ્કૃત સપ્તાહ મહોત્સવના આ કાર્યક્રમો દ્વારા વલસાડ જિલ્લામાં સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃતિ અને અભિરુચિ વધે, વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપરંપરા પ્રત્યે ગૌરવની ભાવના વિકસે તથા સંસ્કૃતના પ્રચાર-પ્રસારને વેગ મળે તેવો મુખ્ય ઉદ્દેશ છે. આ યાત્રામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડૉ.રાજેશ્રી એલ. ટંડેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ડી.બી.વસાવા, શિક્ષકો, અધિકારીઓ તથા પદાધિકારીઓ પણ જોડાયા હતા. સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિની ગૌરવપૂર્ણ પરંપરાને જન-જન સુધી પહોંચાડવાના હેતુસર આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રક્ષાબંધન પર્વ નિમિત્તે રાજ્યની માતા-બહેનોને રાજ્ય સરકારની ભેટ

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતેથી ૧૦૧ નવીન એસ.ટી. બસોનું લોકાર્પણ કરી પ્રસ્થાન કરાવ્યું






- ★ ૧૦૧ નવીન બસોમાં ૭૧ સુપર એક્સપ્રેસ, ૨૦ મિડી અને ૧૦ સ્લીપર કોચનો સમાવેશ
- ★ રક્ષાબંધન દરમિયાન મુસાફરોની સુવિધા માટે રાજ્યભરમાં ૨૬ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન ૬,૫૦૦ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરાશે
- ★ તીર્થધામો અને મુખ્ય શહેરોના રૂટ પર વિશેષ સંચાલન તેમજ એડવાન્સ બુકિંગની સુવિધા ઉપલબ્ધ
- ★ એસ.ટી. નિગમની મહિલા કંડક્ટરોએ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીને રાખડી બાંધી રક્ષાબંધનની આગોતરી ઉજવણી કરી

કમલમ્,

રક્ષાબંધનના પર્વ નિમિત્તે રાજ્યની માતા-બહેનોને શ્રેષ્ઠ પરિવહન સુવિધાની ભેટ સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા ૧૦૧ નવીન એસ.ટી. બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ તમામ નવીન બસોનું ગાંધીનગર ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન એસ.ટી. નિગમની મહિલા કંડક્ટરોએ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીને રાખડી બાંધી રક્ષાબંધનની આગોતરી ઉજવણી કરી હતી. નોંધનીય છે કે, એસ. ટી. નિગમના ડ્રાઈવર, કંડક્ટર અને ઓપરેશન સ્ટાફ રાજ્યની માતા-બહેનો પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવી શકે તે માટે ૨૪૮૭ અવિરત સેવાઓ આપે છે અને પોતે આ તહેવારની ઉજવણીનું બલિદાન આપતા હોય છે. રાજ્યની માતા બહેનોની પરિવહન સુવિધા માટે કર્તવ્યનિષ્ઠા બદલ નાયબ મુખ્યમંત્રીશ્રીએ એસ.ટી નિગમના સૌ કર્મચારીઓને અભિનંદન પાઠવી આ સેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો તેમજ એસ.ટી. બસનું નિરીક્ષણ કર્યું હતું. લોકાર્પિત કરાયેલી ૧૦૧ બસોમાં ૭૧ સુપર એક્સપ્રેસ, ૨૦ મિડી અને ૧૦ સ્લીપર કોચનો સમાવેશ થાય છે, જે તમામ બસો રક્ષાબંધન તહેવારના વિશેષ સંચાલનમાં પણ ઉમેરાશે. મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની વિઝનરી પહેલ હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર દ્વારા રાજ્યના નાગરિકો, નોકરિયાતો અને વિદ્યાર્થીઓ માટે સુવિધાજનક, સલામત અને આરામદાયક જાહેર પરિવહન સેવા સુનિશ્ચિત કરવાના ભગીરથ પ્રયાસરૂપે નવીન ૧૦૧ એસ.ટી. બસોને જનતાની સેવામાં લોકાર્પિત કરવામાં આવી છે જે સમગ્ર ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે. વધુમાં તેમને જણાવ્યું હતું કે, આગામી પવિત્ર રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુવિધા માટે એસ.ટી. નિગમ દ્વારા નવા રૂટ પર વિશેષ બસ સેવાઓ શરૂ કરવામાં આવી છે, જે રાજ્યના ખૂણે-ખૂણેથી પ્રવાસ કરતા નાગરિકોની મુસાફરી વધુ સરળ બનાવશે. ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા તારીખ ૨૬ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન રાજ્યભરમાં વિવિધ રૂટ પર કુલ ૬,૫૦૦ જેટલી એક્સ્ટ્રા ટ્રીપોનું સંચાલન કરવામાં આવશે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મુખ્ય શહેરો અને અંબાજી, પાવાગઢ અને સોમનાથ જેવા પ્રમુખ તીર્થધામો પર વિશેષ બસો દોડાવવાનું સઘન આયોજન કરાયું છે. મુસાફરોની સરળતા માટે ઓનલાઈન તેમજ ડેપો પર એડવાન્સ બુકિંગની પૂરતી વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરવામાં આવેલી છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે રક્ષાબંધન દરમિયાન નિગમ દ્વારા ૬,૪૦૨ વધારાની ટ્રીપો દોડાવીને ૩.૩૩ લાખ મુસાફરોને સફળતાપૂર્વક સેવા આપવામાં આવી હતી. આ વર્ષે મુસાફરોના ધસારાને પહોંચી વળવા આયોજનને વધુ વ્યાપક બનાવી ૬,૫૦૦ એક્સ્ટ્રા ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું છે. એસ.ટી. નિગમ દ્વારા જાહેર જનતાને આ વિશેષ સેવાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ અને રાજ્ય કક્ષાના મંત્રી શ્રી પી.સી. બરંડા, મંત્રી શ્રી જયરામ ગામીત, ગાંધીનગર મેયર શ્રીમતી મીરા પટેલ, ગાંધીનગર (દક્ષિણ) ધારાસભ્ય શ્રી અલ્પેશભાઈ ઠાકોર સહિત એસ.ટી નિગમના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૭મા વન મહોત્સવની ભવ્ય ઉજવણી સંપન્ન

## આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં ૫૫૧ દેશી વૃક્ષોનું વાવેતર






## આસુદેવ મહાદેવ મંદિર પરિસરમાં ૩૦૦થી વધુ બીલીના છોડ સહિત દેશી કુળના વિવિધ વૃક્ષોનું રોપણ

કમલમ્,

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના જામળા ખાતે આવેલ પવિત્ર આસુદેવ મહાદેવ મંદિર પરિસરમાં '૭૭મા વન મહોત્સવ ૨૦૨૬' અંતર્ગત જિલ્લા કક્ષાના કાર્યક્રમની ભવ્ય ઉજવણી રાજ્યકક્ષાના આરોગ્ય, મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ આસુદેવ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને પર્યાવરણ જાગૃતિ અર્થે 'વૃક્ષરથ'ને લીલી ઝંડી આપવાની સાથે પવિત્ર બીલી, આંબો, લીમડો અને આસોપાલવ જેવા ૫૫૧ દેશી વૃક્ષોનું વૃક્ષારોપણ પણ કર્યું હતું. મંત્રીશ્રીએ વન મહોત્સવમાં નાગરિકોને સહભાગી બનવા અપીલ કરતા જણાવ્યું હતું કે, કનૈયાલાલ મુનશી જેવા તત્વચિંતકો અને ઋષિમુનિઓએ આપણને પ્રકૃતિ પૂજનની ભેટ આપી છે. ભગવાન કૃષ્ણે કુરુક્ષેત્રની ભૂમિ પર પીપળાના વૃક્ષને પોતાનું સ્વરૂપ ગણાવીને વનસ્પતિમાં પણ જીવ હોવાનો સંકેત ૫૦૦૦ વર્ષ પહેલાં જ આપી દીધો હતો.

વધુમાં પ્રદૂષણ સામે ચેતવણી આપતાં મંત્રીશ્રી એ ઉમેર્યું હતું કે,હવા, પાણી અને જમીનનું પ્રદૂષણ અટકાવવું એ આપણા સૌની નૈતિક ફરજ છે. વાયુ, જળ અને પૃથ્વીને આપણા શાસ્ત્રોમાં દેવ અને માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે. 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત સૌને વૃક્ષારોપણ અને તેના જતન માટે સંકલ્પ લેવા પણ તેમણે અનુરોધ કર્યો હતો. સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા જનઆરોગ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયાઓ (જેવા કે બનાવટી ઘી, માવો, કેમિકલયુક્ત સોસ વગેરે વેચનારા) સામે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ અંગે મંત્રીશ્રીએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, આ અસામાજિક તત્વોને બક્ષવામાં નહીં આવે અને નાગરિકોને બહારનું અશુદ્ધ ખાવા-પીવાનું બંધ કરીને પૌષ્ટિક આહારની ટેવો માટે જાગૃત થવા અપીલ કરી હતી.

તદુપરાંત રાસાયણિક ખાતરો છોડીને પ્રાકૃતિક ખેતી તરફ વળી રહેલા ખેડૂતોની અને 'સદભાવના' અને 'ગ્રીન આર્મી' જેવી સંસ્થાઓના વૃક્ષારોપણના કાર્યોની મંત્રીશ્રીએ સરાહના કરી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતને હરિયાળું અને સ્વસ્થ બનાવવા માટે સરકાર અને સમાજે એકજૂથ થઈને કાર્ય કરવા આહ્વાન કરી સૌને વ્યસનમુક્ત અને રાષ્ટ્રવાદના મંત્ર સાથે આગળ વધવા પ્રેરણા આપી હતી. આ પ્રસંગે માણસાના ધારાસભ્ય શ્રી જે. એસ. પટેલે જણાવ્યું હતું કે જીવનમાં જન્મ, લગ્ન કે પુણ્યતિથિ જેવા દરેક પ્રસંગે વૃક્ષો વાવવા જોઈએ. વિશાળ પક્ષીઘર પણ એક વડલાની તોલે આવી શકતું નથી. વિકાસની પ્રક્રિયામાં વૃક્ષનું છેદન થાય તો તેની સામે દસ ગણા વધુ વૃક્ષો વાવી તેનો ઉછેર કરવો એ જ પ્રકૃતિનું સાચું જતન છે. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા નાયબ વન સંરક્ષક શ્રી રવિરાજસિંહ રાઠોડે સ્વાગત પ્રવચન કરી વન મહોત્સવની પ્રસ્તાવના રજૂ કરી હતી.

આ ઉજવણીમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલે, ડીડીઓ શ્રી દિગંત બ્રહ્મભટ્ટ, ડીડીઓ સહિતના વરિષ્ઠ અધિકારીઓ, સ્થાનિક જનપ્રતિનિધિઓ અને ગ્રામજનો તથા શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતની આંગણવાડીની બહેનોએ સરહદના જવાનોની રક્ષા માટે ૪.૫૦ લાખથી વધુ રાખડીઓ મોકલી

## નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને મહિલા બાળ કલ્યાણ મંત્રી ડો. મનિષાબેન વકીલની વિશેષ ઉપસ્થિતિમાં રાખડી કળશ સરહદી દળોના અધિકારીઓને સુપ્રત કરાયો





કમલમ્,

રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે દેશની સરહદો પર ખડેપગે રાત દિવસ ફરજ બજાવતા વીર જવાનો પ્રત્યે આદર, કૃતજ્ઞતા અને સ્નેહની લાગણી વ્યક્ત કરવા માટે આંગણવાડીની બહેનો દ્વારા રક્ષાના પ્રતિક રૂપે ૪.૫૦ લાખ રાખડીઓ જવાનોને મોકલવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં રક્ષાસૂત્ર કળશ સરહદી દળોના અધિકારીઓને પ્રતિકરૂપે અર્પણ કરવામાં આવ્યો હતો. સરહદના જવાનો પોતાના પરિવારથી દૂર રહીને માતૃભૂમિની સુરક્ષા માટે સમર્પિત છે. તેમની સદાય રક્ષાની ભાવના સાથે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડો. મનિષાબેન વકીલના માર્ગદર્શનમાં આંગણવાડી બહેનોએ રક્ષાબંધન પર્વ નિમિત્તે આ રાખડીઓ મોકલાવી છે. દેશની સીમાઓ સાચવતા અને ઘર પરીવારથી દૂર રહેતા સેનાના જવાનોની રક્ષા માટે આંગણવાડી બહેનોએ આ રક્ષાસુત્ર બનાવ્યું છે. ભાઈ બહેનના પ્રેમનો પવિત્ર તહેવાર રક્ષાબંધન આ સૈનિકો સરહદ પર રહીને પણ મનાવી શકે અને માતાઓ બહેનો તેમની સાથે જોડાયેલી છે એવો અહેસાસ તેમને આપવાનો સરાહનીય પ્રયોગ "એક રાખી દેશ કે જવાનો કે નામ'' અંતર્ગત ગુજરાત છેલ્લા ત્રણ વર્ષથી કરે છે. ગુજરાતની બહેનોએ વીર જવાનોની રક્ષાનું કવચ રાખડીઓ દ્વારા પ્રદાન કરીને ભાઈ-બહેનના પ્રેમના તહેવારને રાષ્ટ્રભક્તિ મય બનાવ્યો છે. આ રક્ષાસુત્ર કળશનો આર્મી, બી.એસ.એફ., સી.આર.પી.એફ. અને એન.ડી.આર.એફ.ના ગાંધીનગર સ્થિત જવાનોએ સ્વીકાર કર્યો હતો આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ સચિવ શ્રી રાકેશ શંકર, મહિલા બાળ વિકાસ કમિશનર શ્રી ડૉ. રણજીત કુમાર સિંહ, મહિલા બાળ કલ્યાણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, BSF, CRPF, NDRFના જવાનો, આંગણવાડી કાર્યકર બહેનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028